અછત / અર્ધઅછતગ્રસ્ત વિસ્તારોમા સિંચાઇ બંધોની ઉપરવાસ અને નીચવાસમાં બોર/ કુવા કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંક : સીએમઈ/૧૦૨૦૧૩/૮૮૦/((૧૨)/પી,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫/૦૪/૨૦૧૩.

વંચાણે લીધા :-

૧ આ વિભાગનો પરિપત્ર ક્રમાંક : સીએમઈ-૧૦૮૭-આઈબી-૪૧૫/૭૨/પી, તા.૨૨/૦૪/૧૯૯૨.

૨ આ વિભાગનો પરિપત્ર ક્રમાંક : સીએમઈ-૧૦૦૦/૧૦૫૭/૨૭/પી, તા.૧૧/૦૪/૨૦૦૦.

૩ અધીક્ષક ઈજનેરશ્રી, ભા.સિં.યો.વ., ભાવનગરનો પત્ર ક્રમાંક : ભાસિંયોવ/પીબી-૪/ખોડીયાર/ જનરલ / ૮૪૭, તા.૧૮/૦૨/૨૦૧૩.

૪ મહેસૂલ વિભાગનો તા.૨૯/૦૩/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક : અછત/૧૦૨૦૧૨/૩૮૯/સ૧

<u>આમુખ</u> :

રાજયમાં ચાલુ વર્ષે થયેલ અપૂરતા વરસાદથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત વિસ્તારમાં અછતની પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. આ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. સૌરાષ્ટ્રના ૩૩ બંધમાંથી પીવાનું પાણી આપવામાં આવતું હતું. તે પૈકી અમુક બંધને બાદ કરતાં બાકીના બંધોમાં જરૂરીયાત મુજબનું પાણી ઉપલબ્ધ નથી. સંદર્ભ : (૩) સામે દર્શાવેલ પત્રથી પાણી પૂરવઠા પ્રભાગ દ્વારા ખોડીયાર અને ઓઝત-૨ સિંચાઈ યોજનામાં બોર બનાવવાની મંજૂરી માંગવામાં આવેલ છે. આવી પરિસ્થિતિ અન્ય જળાશયોમાં પણ ઉપસ્થિત થવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત વિસ્તારમાં ઊભી થયેલ પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ નિવારવા બંધની અંદર તથા બહારના ભાગમાં કુવા તથા બોર બનાવવાની જરૂરિયાત ઊભી થઈ છે.

સને ૧૯૯૧-૯૨ અને સને ૨૦૦૦માં રાજયમાં અછતની પરિસ્થિતિને અનુલક્ષીને અપૂરતા વરસાદના કારણે સરકારે અછતગ્રસ્ત જાહેર કરેલ વિસ્તારોમાં માત્ર પીવાના પાણીના ઉપયોગ માટે જ બંધોની ઉપરવાસ/નીચવસમાં બોર બનાવવાની પરવાનગી આપવાનો નિર્ણય સંદર્ભમાં દર્શાવેલ તા.૨૨/૦૪/૧૯૯૨ અને તા.૧૧/૦૪/૨૦૦૦ના પરિપત્રો તે સાથે સામેલ પરિશિષ્ઠમાં જણાવેલ શરતોને આધિન પ્રસિધ્ધ થયેલ હતા.